# ભારતની જ્ઞાતિપ્રથા જેવી સમસ્યા અમેરિકામાં પણ જોવા મળે છે

## ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગરમાં યોજાયેલા 'ઈન્ડિયા કી ખોજ' પ્રોગ્રામમાં ૨૦ વિદેશી વિદ્યાર્થી જોડાયા



આ ઈઆઈટી ગાંધીનગર ખાતે 'ઈન્ડિયા કી ખોજ' પ્રોગ્રામનું આયોજન કરાયું હતું, જેમાં કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, જાપાન એડવાન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ૩૯ સ્ટુડન્ટે ભાગ લીધો હતો.

ઈન્ડિયા કી ખોજ પ્રોગ્રામમાં સોશિયલ, કલ્ચરલ, લેક્ચર અને ફિલ્ડ વિઝિટ દ્વારા સ્ટુડન્ટસને ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિ વિશેની માહિતી આપવામાં આવી હતી. પ્રોગ્રામની શરૂઆતમાં સ્ટુડન્ટસને 'રિડીંગ રામાયણ ઈન ૨૧ સેન્ચુરી' પર લેક્ચર અપાયું હતું, ત્યાર બાદ ઓડિસી ક્લાસિકલ અને ફૉક ડાન્સનું પરફોર્મન્સ યોજાયું હતું.

જાપાની સ્ટુડન્ટ કાનાએ કહ્યું કે, મને જાણીને નવાઈ લાગી કે ભારતમાં ૨૨ જેટલી વિવિધ ભાષાઓ છે. જ્યારે જાપાનમાં માત્ર એક જ છે. કેલિફોર્નિયાના સ્ટુડન્ટ સુરજ યેગાંડેએ કહ્યું કે, ભારતમાં આજે ૨૧મી સદીમાં પણ જાતિવાદ જોવા મળે છે, દેશમાં જાતિવાદ નથી તે ખોટી માન્યતા છે. જાતિ પ્રણાલી થોડા નહી પરંતુ સમગ્ર સમાજ માટે દમનકારક સાબિત થઈ શકે છે.

જાતિવાદને પૂર્ણ કરવા માટે સોસાયટીએ નક્કર પગલા લેવા જોઈએ. કેલિફોર્નિયાની એલિસાએ કહ્યું કે, ભારતમાં આવીને મને ઘણી ઐતિહાસિક બાબતોથી જાણકારી મળી જે મને અમેરિકામાં રહીને નથી મળી શકી. ઉપરાંત ભારતની જાતિપ્રથા જેવી સમસ્ય અમેરિકામાં પણ જોવા મળે છે.

**Title:** 20 foreign students join in 'India ki Khoj' program at IITGN
**Source:** Gujarat Samachar (Plus, Pg. No. 01/03)
**Link:** http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20181223_3
**Date:** 23-12-2018